| Headline: NSE extends concessional transaction fee in currency futures | |
|---|---|
| Source: Gujarat Samachar | Date: 04 August, 2015 |

# તરલતાના હેતુસર NSEએ પણ કરન્સી ફ્યૂચર્સમાં રાહત લંબાવી

અમદાવાદ, તા.૩

નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)એ સેગમેન્ટમાં વધુ પ્રમાણમાં તરલતા ઉપલબ્ધ કરાવવા માટે કરન્સી ડેરીવેટીઝ માટે ટ્રાન્ઝેક્શન ચાર્જીસ પર આપવામાં આવતી રાહત બે મહિના માટે એટલે કે સપ્ટેમ્બર સુધી લંબાવી છે.

શેરબજારે બે મહિના માટે ઈન્ટરેસ્ટ રેટ ફ્યુચર્સ (આઈઆઈએફ) માટે ટ્રેડિંગ સભ્યો પર તેની હાલની વસુલાતની ટ્રાન્ઝેક્શન ફીને પણ જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. આ વર્ષના માર્ચ મહિનામાં એનએસઈએ તેના કરન્સી ડેરીવેટીઝ પર ટ્રેડિંગ માટે ટ્રાન્ઝેક્શન ચાર્જીસમાં ઘટાડ્યા હતા. તેણે અન્યોમાં પણ આ પ્રકારની વસૂલાતમાં ૫૯ ટકા સુધી ડિસ્કાઉન્ટ આપ્યા હતા.

૩૧મી જુલાઈથી માન્ય બનેલી આ રાહતો હવે વધુ બે મહિના માટે લંબાવવામાં આવી છે. કાનૂની પ્રક્રિયામાં અમારા અધિકારો અને વિવાદને લઈ કોઈપણ પ્રકારનો પૂર્વગ્રહ રાખ્યા વગર તેને પહેલી ઓગસ્ટ, ૨૦૧૫થી ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૫ સુધી બે મહિના માટે લંબાવવામાં આવેલ છે, તેમ એનએસઈએ એક પરિપત્રમાં જણાવ્યું હતું.

કરન્સી ફ્યુચર સેગમેન્ટમાં તરલતાની સ્થિતિ સુધારવા એનએસઈએ માર્ચ, ૨૦૧૫માં ડિસ્કાઉન્ટ સહિત ટ્રાન્ઝેક્શન ચાર્જીસમાં નોંધપાત્ર રાહત પૂરી પાડવાનો નિર્ણય કર્યો હતો. માર્ચમાં એનએસઈ દ્વારા ચાર્જીસમાં કરવામાં આવેલ સુધારા પ્રમાણે તમામ ટ્રેડિંગ સભ્યોએ કરન્સી ફ્યુચર્સમાં ટ્રેડેડ વેલ્યુના રૂા. ૧.૧૦ પ્રતિ લાખના ફ્લેટ દરથી ચુકવણી થશે. આઈઆરએફને લઈ એનએસઈ હાલમાં સેગમેન્ટમાં પ્રતિ લાખ રૂા. ૦.૧૦ના વસૂલાતના ટ્રાન્ઝેક્શન ચાર્જીસ ધરાવે છે. એનએસઈ ચાલુ નાણાંકીય વર્ષમાં અત્યાર સુધીમાં કરન્સી ડેરિવેટીઝમાં આશરે રૂા. ૧૨ લાખ કરોડનું ટર્નઓવર ધરાવે છે. સરકાર દૈનિક ટર્નઓવર રૂા. ૧૪,૭૯૮ કરોડ છે.